




મા આદ્ય શક્તિ મા જગદમ્બાનાં નવલા નોરતા ની નવરાત્રી મહોત્સવ રંગે ચંગે આરંભ થઈ ગયો છે, બનાસકાંઠાનાં પાલનપુર અંબાજી, ડીસા, ધાનેરા, વડગામ, દાંતીવાડા, પાંથાવાડા, શ્રી અમીરગઢ, થરાદ, વાવ, સિહોરી સહીત સર્વત્ર લોકો ગરબા મસ્ત બન્યા છે. પાલનપુરનાં બ્રિજેશ્વર કોલોની ભાગ્યોદય, પોલીસ હેડ કવાર્ટર, રોટરી ડાયમંડ સીટીનાં ઝાંઝર, હાઈવેની સોસાયટીઓ, મોટી બઝાર, ત્રણ બત્તી, જુના, નવા લક્ષ્મીપુરા, બેચરપુરા, ગણેશપુરા, કમાલપુરા, ગઠામણ દરવાજા, વિજય હનુમાન મંદિર, વેરાઈ માતા, બ્રહ્માન વાસ, બેંક સોસાયટી, કોલેજ કમ્પોઉંડ, અંબાજી મંદિર, કીર્તિ સ્તંભ, સ્વપ્રીલ ફ્લેટ, રેલ્વે પોલીસ સ્ટેસન, સુખબાગ રોડ, સર્વત્ર નવરાત્રીની રમજટ જામી છે. ખાણીપીણી કરવા પણ લોકોની ભીડ મોડી રાત સુધી જામી છે.

# ઉત્તર ગુજરાતના લોક લાડીલા કલાકાર પ્રકાશ બારોટે ધાનેરામાં પૂર પીડિતને પૂરનું દુઃખ ભુલાવી ગરબે ઘુમાડ્યા

ઉત્તર ગુજરાતના લોક લાડીલા કલાકાર પ્રકાશ બારોટે ધાનેરા માં પૂર પીડિત લોકો ને પૂર નું દુઃખ ભુલાવી ગરબે ઘુમાડ્યા, તો બીજીતરફ ગરબાના આયોજક જયેશભાઈ સોલંકી ધ્વરા પ્રકાશ બારોટ ને સાલ ઓઢાડી સન્માન કર્યુ અને લોકોને દુઃખ ભુલાવવા બાદલ આભાર પણ માન્યો. સમગ્ર ગુજરાત માં ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘૂમી રહ્યા છે ત્યારે આ આ વખતે ધાનેરા માં નવરાત્રી નો રંગ ઓછો જોવા મળી રહ્યો છે. ધાનેરા માં આવેલ ભયાનક પૂર ને લઈ લોકો માં ભારે દુઃખી છે ,,,,,ત્યારે આજે ધાનેરા માં આવેલા અંબાજી મંદિર માં ઉત્તર ગુજરાતના લોક લાડીલા કલાકાર પ્રકાશ બારોટે ગરબા ની રમઝટ ઝમાવી હતી અને લોકો પણ મૂકી ને ગરબે ઘૂમ્યા હતા પ્રકાશ બારોટ નો સુર સાંભળી ધાનેરા ના પૂરપીડિત લોકો પૂર નું દુઃખ ભૂલી મનમુકીને ગરબે ઘૂમ્યા હતા.



લોકગાયક પ્રકાશ બારોટે ધાનેરા માં પૂર પીડિત લોકોને ગરબે રમાડી લોકો નું દુઃખ ભુલાવ્યું હતું ત્યારે ધાનેરા અંબાજી ગરબા ના આયોજક જયેશભાઈ સોલંકી ધ્વરા પ્રકાશ બારોટ ને સાલ ઓઢાડી સનમ કર્યું હતું અને તેમનો ખુબખુબ આભાર માન્યો હતો ધાનેરા માં પૂર ને લઈ લોકો પાયમાલ બની ગયા છે ત્યારે આ વખતે ધાનેરા માં નવરાત્રી ન ઉજવાય તેવી ચર્ચા ચાલી રહી હતી પરંતુ ધાનેરા ના નવયુવક એવા જયેશભાઈ સોલંકી અલાંઆવી નવરાત્રી નું સરસમાજનું આયોજન કર્યું તે માટે ધાનેરા આ લોકોએ પણ જયેશભાઈ સોલંકી નો આભાર માન્યો હતો.

## મહેસાણા જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણી કરાશે

મહેસાણા, તા. ૨૯

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિનની ઉજવણી પ્રસંગે ૨ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબર દરમિયાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ૨ ઓક્ટોબરે નશાબંધી સપ્તાહનું ઉદ્‌ઘાટન જિલ્લા કલેક્ટર એચ.કે. પટેલના અધ્યક્ષસ્થાને સવારે ૧૦ કલાકે ગાયત્રી શક્તિપીઠ, ગાયત્રી મંદિર હાઈવે મહેસાણા ખાતે કાર્યક્રમ યોજાનાર છે. નશાબંધી આબકારી ખાતુ અને વિક્ટીમ ઓફ ડ્રગ્સ એબ્યુઝ એન્ડ ઈરેડીકેશન ઓફ ડ્રગ્સ મીન્સ સ્કીમના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાનાર છે.

આ ઉપરાંત ૩ ઓક્ટોબરે થોળ, ૪ ઓક્ટોબરે ભાંડુ, ૫ ઓક્ટોબરે મંડાલી ખેરાલુ તાલુકો, ૬ ઓક્ટોબરે લીંચ, ૭ ઓક્ટોબરે ઉનાવા અને ૮ ઓક્ટોબરે આદર્શ નિવાસી શાળા નંદાસણ ખાતે કાર્યક્રમ યોજાનાર છે.



## ટીટાઈ અહોજમાંના મંદિરે ૩૦ તોલા સોનાનો ગરબો માતાજીને અર્પણ કરાયો

શ્રધ્ધા હોય ત્યાં પુરાવાની શી જરૂર ? એ ઉક્તિને સાર્થક કરતી શ્રદ્ધા-ભક્તિને ઉજાગર થતી જોવા મળી હતી. મોડાસા તાલુકાના ટીટોઈ અહોજમાના મંદિરે આજે આસો સુદ નવરાત્રીના આઠમના પાવનદિને મૂળ ટીટોઈ ગામનાં વતની હાલ મુંબઈ સ્થિત રાવલ દીનેશકુમાર કોદરલાલ તથા તેમના સુપુત્ર કેતનભાઈના પરિવારે માતાજીમાં અતુટ શ્રધ્ધા થકી મનોકામનાના ભાગ રૂપે ૩૦ તોલા સોનાનો લગભગ ૧૦ લાખનો ગરબો અહોજમાતાજીને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે શોભાયાત્રા, હવન પૂજા-અર્ચનામાં માઈભકતો મોટી સંખ્યામાં હાજર રહયા હતાં. નવરાત્રીના આઠમા નોરતે ૧૧૦૦ દીવડાઓના પ્રાગટ્ય સાથે મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે.

# મહાકાલી મંદિરોએ પરંપરાગત આઠમના લોકમેળા યોજાયા

### માતાજી સમક્ષ રાખેલી માનતાઓ ફળતા માથે ગરબા સાથે મહિલાઓ બન્ને મેળે ઉમંગે ઉમટી પડી

સાકરીયા, તા. ૨૯

શક્તિની આરાધનાનું મહાપર્વ નવરાત્રીની આજે આઠમે મોડાસા તાલુકામાં પણ વર્ષોની પરંપરા અનુસાર મોટી ઈસરોલ વિસ્તારમાં ગઢી અને ફુટાના મહાકાલી મંદિરોએ પરંપરાગત આઠમના લોકમેળા યોજાયા હતા અને તેમાં આ વર્ષે પણ મોટો લોકસમુદાય આ વિસ્તારના આ બન્ને મેળાઓમાં ઉમટી પડ્યો હતો. જ્યાં માથે ગરબા લઈ આવતા આ ગરબા માતાજીના મંદિરે આ રીતે સમર્પિત કરેલા નિહાળી શકાય છે.

મોટી ઈસરોલ-નાની ઈસરોલ-રાજપુર અને વાઘોડિયા-જીતપુર ગામોની નજીક દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાકાળી માતાજીના મંદિરે પ્રાચીન લોકસંસ્કૃતિને યાદ કરાવતો લોકમેળો યોજાયો હતો. અહીં નાની નાની હાટડીઓ મંડાઈ હતી, બાળકોના મનોરંજનના અનેક ખેલ અને ચકડોળ તેમજ મેળા રસિયાઓ માટે ખાણી-પીણીના સ્ટોલ લાગી ગયા હતા.

એવો જ મેળો ટીટોઈ જતા રસ્તામાં ફૂટા ગામે મહાકાળી મંદિરે યોજાયો હતો. ત્યાં પણ ટીટોઈ અને મોડાસાથી નાના વેપારીઓ, ચા-નાસ્તા અને મનોરંજનના સાધનો સાથે હાટડીઓ મંડાઈ હતી. બન્ને મેળામાં આજના આધુનિક યુગમાં પણ ઉડીને આંખે વળગે તેવી પ્રાચીન સંસ્કૃતિ નિહાળવા મળી હતી. જેમાં બેઉ મેળામાં માથે માતાજીના અવનવા રંગબેરંગી ગરબાઓ મૂકી પગપાળા મેળે જવાની પરંપરા અકબંધ જોવા મળી હતી. વર્ષ દરમિયાન રાખેલી બધા-આખડીઓ ફળતાં માથે ગરબો લઈ મેળે જવાનું અને માતાજીના સાન્નિધ્યે ગરબો અર્પણ કરવાનો આ મહિમા હોઈ બેઉ મંદિર પરિસરોમાં આવા માતાજીના પાળે આવેલા ગરબથી નાનકડો ઢગ ખડકાઈ જાય છે.



આબાલવૃદ્ધ સૌએ માતાજીના મેળે આવી આઠમના માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વર્ષ ગમે તેવું જાય પણ શ્રદ્ધા ભાવ સાથે આઠમે માતાજીના મેળે જઈ કાલિકા માતાજીના ચરણોમાં શીશ નમાવવાનો આ ઉમળકો આજે પણ જળવાયેલો જોવા મળ્યો હતો. જ્યાં બેઉ મેળે માતાજીના હવન-યજ્ઞના પણ દર્શન કરી ભાવિકો ધન્ય બન્યા હતા.

# પ્રાંતિજના દલપુર ખાતે સમૂહ આરતી યોજાઈ

### તો સલાલ ખાતે નવલી નવરાત્રીનો રંગ જામ્યો : હવન તથા સમૂહ આરતી યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવન તથા રાત્રીના સમયે સમુહ આરતી યોજાઈ તો સલાલ ખાતે આઠમાં નોરતે નવરાત્રીનો રંગ જામ્યો હતો.

દલપુર ગામમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી માઈ મંડળ દ્વારા નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવનનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રીના સમયે સમુહ આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં તાલુકા પંચાયતના સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, દલપુર ગામનાં સરપંચ જસવંતસિંહ સોલકી, આશિષભાઈ



પટેલ, અનિલભાઈ સહિત ગામજનોએ નવરાત્રી ચોકમાં માની આરતી સમુહમા ઉતારી ધન્યતા અનુભવી હતી. જયારે દર વર્ષની જેમ આ વર્ષે પણ માઈમંડળ દ્વારા સુદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

જયારે પ્રાંતિજના સલાલ ખાતે આવેલ રામજી મંદિર કારોબારી સમિતિ તથા સલાલ પાટીદાર યુથ ફોરમ આયોજિત નવરાત્રી મહોત્સવ તથા શરદપૂનમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આઠમાં નોરતે પટેલ સમાજનાં ભાઈ બહેનો દ્વારા નવરાત્રી ચોકમાં ગરબે ઘુમતા જોવા મલ્યા હતા અને ખેલૈયાઓની લાંબી લાબી કતારો જોવા મળી હતી. તો નવલી નવરાત્રીનો માત્ર એક દિવસ જ બાકી છે ત્યારે ખેલૈયાઓ મન મુકીને ગરબે ધુમતા નજરે પડ્યા હતા.

## તલોદ કોલેજમાં શ્રધ્ધાંજલી કાર્યક્રમ

શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ તેમજ સાયન્સ કોલેજમાં આજરોજ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યામંડળના ભૂતપૂર્વ માનદમંત્રી સ્વ. શાન્તુભાઈ સી. પટેલની ૧૮મી પુણ્યતિથી નિમિત્તે સવારે દસ કલાકે કોલેજના સેન્ટ્રલ હોલમાં શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં મંડળના હોદેદારો પૈકી ઉપપ્રમુખ જયેશભાઈ, ટ્રસ્ટી સતિષભાઈ શાહ, ટ્રસ્ટી પંકજભાઈ શાહ, મંત્રી ચેલાભાઈ પટેલ, ઔષક રતિલાલ શાહ, કોષાધ્યક્ષ અશોકભાઈ મિસ્ત્રી અને અન્ય કારોબારી સભ્યો તેમજ ઉભય કોલેજ પરિવારજનોને ઉદ્‌બોધન કરવા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય તલોદના પૂજ્ય આશાદીદી હાજર રહી સદગતના કાર્યોને યાદ કરી આપણા જીવનમાં તેમની યાદગીરીરૂપે તેવા કાર્યો કરવાની ધાર્મિક પ્રેરણા આપી હતી. પ્રિ. ડૉ. જે.સી. પટેલ અને પ્રિ. ડૉ. એસ.સી. પરીખે પૂણ્યાત્મા શાન્તુકાકાના સદ્‌કર્મો અને સહચર્યને યાદ કરી તેમના અધુરા કાર્યો તેમજ સી.ડી. પટેલ મહાવિદ્યામંડળના નવા વરાયેલા હોદેદારોને આવકારી ખભેખભા મિલાવી સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટેના પ્રયત્નો કરવાની ખાતરી આપી હતી.

# પ્રાંતિજના પિલુદા ખાતે સમૂહ આરતી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પિલુદા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવન તથા રાત્રીના સમયે સમુહ આરતી યોજાઈ હતી.

પિલુદા ખાતે આવેલ તપોધન ફળીમાં રહેતાં તપોધન બ્રાહ્મણ રાવલ સમાજના ભાઈઓ દ્વારા વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ અંકબંધ છે અને આઠમના દિવસે બહારગામ રહેતાં રાવલ સમાજના ભાઈઓ પિલુદા ખાતે અવશ્ય આવે છે અને નવરાત્રી યુવક મંડળ તથા મા ચેહર



માતાના ઉપાસક અને માઈભકત મનુભાઈ રાવલ, પ્રકાશભાઈ રાવલ, પરેશભાઈ રાવલ, મુકેશભાઈ રાવલ સહિત યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી ચોકમાં હવનનું આયોજન કરવામાં આવ્યુંહતું અને રાત્રીના સમયે સમુહ આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જયારે રાવલ સમાજના ભાઈઓ બહેનો દ્વારા હવનના દર્શન કરી રાત્રીના સમયે સમુહમાં નવરાત્રી ચોકમાં મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. જયારે રાવલ સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. જયારે તપોધન ફળી ખાતે રહેતા રાવલ સમાજ ઘરે ઘરે જઈને પ્રથા મુજબ હવનનો ધુપ ઘરે ઘરે લઈ જવામા આવ્યો હતો અને કકળાટ દુર કર્યો હતો.





## તારા નામની ચૂંદલડી ઓઢી એક જોગણ ભટકે છે... કોઈ કહે રાધા, કોઈ કહે મીરા... યુવાધનમાં થનગનાટ

નવરાત્રી મહોત્સવનું એક જ નોરતું બાકી છે ત્યારે અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં યુવાધન આઠમા નોરતે મન મૂકી સંગીતના તાલે થીરકી રહ્યું હતુ. કેટલીક નવરાત્રીમાં તો વહેલી સવાર સુધી ખલૈયાઓ નવરાત્રીને યાદગાર બનાવવા થાકવાનું નામ લીધા વગર ગરબા અને રાસ દાંડિયા રમતા ઠેર ઠેર જોવા મળ્યા હતા. ત્યારે નવમું નોરતામાં આગવી ઓળખ ઉભી કરવા યુવાનો અને યુવતીઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરી હતી.